નવી બાબત વર્ષ ૨૦૨૫-૨૬

મોડ્યુલર આંગણવાડી કેન્દ્રના બાંધકામ અંગેની બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/NIE/e-file/23/2024/1239/B (ICDS)

સચિવાલય ગાંધીનગર

**વંચાણે લીધા:**

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૧૧/૦૩/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક : WCDD/NIE/e-file/23/2024/0052/B (ICDS)

(૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા. ૦૪/૦૧/૨૦૨૫નો પત્રક્રમાંક: ICDS/BJT/e-File/257/2023/1193/Infrastructure

**આમુખ:**

રાજ્યમાં આંગણવાડી કેન્દ્ર ખાતેથી બાળકો અને માતાઓને પ્રાથમિક સુવિધાઓ જેવી કે પ્રાથમિક આરોગ્યને લગતી સુવિધાઓ, પુરક પોષણ અને પુર્વ પ્રાથમિકને લગતી સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. આ તમામ લાભાર્થીઓ સંકલિત બાળ વિકાસ યોજના(આઇ.સી.ડી.એસ)નો એક ભાગ છે, જેનો મુખ્યહેતુ કુપોષણને દુર કરવાનો છે. હાલના આંકડા મુજબ હાલ રાજ્યમાં ૫૩૦૬૫ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે.

વંચાણે લીધેલ ઠરાવ (૧)થી પ્રતિ આંગણવાડી કેન્દ્ર દીઠ અંદાજીત યુનિટ કોસ્ટ રૂ.૧૮.૦૦ લાખ મુજબ ૧૧૧૧ મોડ્યુલર આંગણવાડી કેન્દ્રોના બાંધકામ બિનપરંપરાગત પદ્ધતિથી કરવા માટે રૂ.૨૦૦ કરોડની નવી બાબતને મંજૂરી આપવામાં આવેલ છે. આંગણવાડી કેન્દ્રોની માળખાકીય સુવિધા સુદ્રઢ કરવા આંગણવાડીઓના બાંધકામ પેટે વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં ૧૫૦૦ મોડ્યુલર આંગણવાડી કેન્દ્રના બાંધકામ માટેના રૂ. ૨૭૦.૦૦ કરોડ તથા નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં માર્ગ અને મકાન વિભાગ દ્વારા નિમણુંક કરવામાં આવેલ પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્સી (PMC)ના ચુકવણા અર્થેના રૂ.૧.૨૩ કરોડ અને નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્સી (PMC)ના ચુકવણા અર્થેના રૂ.૨.૭૦ કરોડ મળી કુલ ૨૭૩.૯૩ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

આથી પુખ્ત વિચારણાના અંતે આંગણવાડી કેન્દ્રોની માળખાકીય સુવિધા સુદ્રઢ કરવા આંગણવાડીઓના બાંધકામ પેટે વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં ૧૫૦૦ મોડ્યુલર આંગણવાડી કેન્દ્રના બાંધકામ માટે રૂ. ૨૭૦.૦૦ કરોડ તથા નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં માર્ગ અને મકાન વિભાગ દ્વારા નિમણુંક કરવામાં આવેલ પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્સી (PMC)ના ચુકવણા અર્થેના રૂ. ૧.૨૩ કરોડ અને નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્સી (PMC)ના ચુકવણા અર્થેના રૂ. ૨.૭૦ કરોડ મળી કુલ રૂ. ૨૭૩.૯૩ કરોડની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

૧. આ યોજનાનો ખર્ચ તા.૦૧-૦૪-૨૦૨૫થી કરવાનો રહેશે.

૨. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક: RBD/OAS/e-file/16/2022/0002/Section C તા.૧૧/૧૦/૨૦૨૩થી પ્રસિદ્ધ થયેલ સ્ટાન્ડર્ડ બીડ ડોક્યુમેન્ટનું પાલન કરવાનું રહેશે.

૩. બિનપરંપરાગત પદ્ધતિથી બાંધકામ કરવા માટે કઇ ટેક્નોલોજીનો વપરાશ કરવો તેમજ ટેંડરીંગ કાર્યવાહી અને જરૂરી ટેકનિકલ પાસાઓની ચકાસણી માર્ગ અને મકાન વિભાગ દ્વારા નિયત કરવામાં આવશે.

૪. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીએ તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઇપ ડિઝાઈન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરાવવાની રહેશે.

૫. બાંધકામના કામોમા P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૬. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદુષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી ક્લિયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલા જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

૭. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે. આ બાંધકામ અંગે જો કોઈ લિટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.

૮. આ યોજનાની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે

૯. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

૧૧. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરવાની રહેશે.

૧૨. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૩. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૧૪. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરિદ પદ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ તથા ત્યારબાદના વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૫. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

૧૬. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતિ સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાન્ટ રીલીઝ કરવાની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

૧૭. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.

૧૮. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૧૯. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૦. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજૂરીની મર્યાદામાં સમયસર પૂર્ણ થાય તે રીતે સમયબદ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમયસર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.

૨૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૨૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના પરિપત્રો અને લાગુ પડતા ઠરાવો/નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

૨૪. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષના આખરે સરેન્ડર કરવાની રહેશે.

૨૫. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે કરવાનો રહેશે.

માંગણી નંબર : ૧૦૬

મુખ્ય સદર : ૪૨૩૫ સમાજ સુરક્ષા અને કલ્યાણ અંગે મૂડી-ખર્ચ જોગવાઇ

પેટા મુખ્ય સદર : ૦૨ - સમાજ કલ્યાણ

ગૌણ સદર : ૧૦૨ - બાળ કલ્યાણ

પેટા સદર : ૦૨ - આંગણવાડી કેન્દ્રોનું બાંધકામ

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૮/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.યુ.ગોસાઇ)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨. મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૩. અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૪. સચિવશ્રી (આ.બા.)ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૬. સચિવશ્રી (આયોજન)ના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૭. સચિવશ્રી (મહિલા અને બાળ વિકાસ વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૮. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૯. કમિશ્નરશ્રી, (આઈ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૧૦. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૧. સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત કચેરી

૧૨. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન

૧૩. વિભાગીય નાયબ નિયામકશ્રી (આઇસીડીએસ) અમદાવાદ/વડોદરા સુરત રાજકોટ

૧૪. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઇસીડીએસ), જિલ્લા પંચાયત કચેરી

૧૫. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઇસીડીએસ), મ્યુનિસિપલ કોર્પોરેશન

૧૬. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

૧૭. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

૧૮. નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર

૧૯. તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત તમામ.

૨૦. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

૨૧. શાખા સિલેક્ટ ફાઇલ